

fka CHILDREN'S SERVICES INC

# અર્લી ચાઇલ્ડહૂડ સેટિંગમાં રમતોના મધ્યમથી ભણતર

GUJARATI

## રમત એટલે શું?

દુનિયાભરના અભ્યાસ દર્શાવે છે કે, જ્યારે બાળકો અર્થપૂર્ણ રમતો આધારિત અનુભવો સાથે સંકળાયેલા રહે છે, ત્યારે તેઓ શીખે છે અને વિકસિત થાય છે.

*"બાળકોની વ્યાપક એવી બૌદ્ધિક, શારીરિક, સામાજિક અને સર્જનાત્મક ક્ષમતાઓને ઉત્તેજિત અને એકીકૃત કરવા માટે રમત આવશ્યક છે. બાળકો સાથે શાશ્વત અને શેર્ડ ક્રિયા-પ્રતિક્રિયાઓને મદદરૂપ થવા માટે પ્રભાવી અર્લી ચાઇલ્ડહૂડ પદ્ધતિઓ ભણતર અને શિક્ષણના એકીકૃત અભિગમનો ઉપયોગ કરે છે. રમતો અને અન્ય અવસરોના મધ્યમથી બાળકો સામાજિક અને કુદરતી વિશ્વ, લોકો, સ્થળો, વસ્તુઓ અને તેમને દરરોજ આવતા અનુભવો માંથી કઈંક અર્થ કાઢતા અને કલ્પનાને સાકાર કરતાં શીખે છે."*

- VEYLDF, 2016, પૃષ્ઠ 14

રમવું એ તમારા બાળકની સહજ પ્રવૃત્તિ છે અને તે તેમના ભણતર અને વિકાસનો એક મહત્ત્વનો ભાગ છે. રમત તમારા બાળકને તેમના વિશ્વનો અર્થ સમજવામાં અને પોતાની ઓળખને મજબૂત બનાવવામાં મદદ કરે છે. રમતના મધ્યમથી તમારું બાળક કલ્પના કરે છે, ડોળ કરે છે, સર્જન કરે છે, શોધે છે, તપાસ કરે છે, વાતચીત કરે છે, સવાલ કરે છે, બોલે છે, સાંભળે છે, વિચાર કરે છે, અનુભવ કરે છે, સ્પર્શ કરે છે અને ગંધ લે છે. રમતમાં વાટાઘાટો, સમસ્યાનું નિરાકરણ, જોખમ લેવું, નવી વસ્તુઓ અજમાવવી અને વસ્તુઓ કેવી રીતે કામ કરે છે તે જોવું વિ. સામેલ હોય છે. તમારું બાળક પોતાના અને અન્ય લોકો વિશે જાણશે, રમતના નિયમો શીખશે, નવા મિત્રો બનાવશે, સંબંધો વિકસિત કરશે અને શિક્ષકો તથા અન્ય બાળકો સહિતના આસપાસના લોકો પર વિશ્વાસ મૂકતાં શીખશે.

બાળકો ક્યારેક એકલા રમશે, ક્યારેક અન્ય એક કે બે બાળકો સાથે રમશે, અને બાળકોના નાના કે મોટા સમૂહોમાં રમશે. આ રમત શાંત હોઈ શકે કે ઘોંઘાટ વાળી, નિષ્ક્રિય હોઈ શકે અથવા તો સક્રિય.

*"અવિરત રમતનો સમયગાળો ઓપન-એન્ડેડ સામગ્રી અને સંસાધનોના ઉપયોગથી બાળકોને નવું શોધવાનો, તપાસ કરવાનો, શોધખોળ કરવાનો સમય આપે છે.*

- VEYLDF, 2016, પૃષ્ઠ 21

## રમતના માધ્યમથી ભણતર

સેવામાં હાજર રહેતા દરેક બાળકની વ્યક્તિગત રુચિ અને જરૂરિયાતોને પૂરી કરવા માટે, શિક્ષકો અને એડ્યુકેટર્સ મળીને એક પ્રોગ્રામ પ્લાન કરે છે. બાળકો ઇનડોર અને આઉટડોર જગ્યામાં મુક્ત રીતે હરી-ફરી શકે તેવા ખુલ્લા શૈક્ષણિક વાતાવરણમાં રમત-આધારિત અનુભવોની વિસ્તૃત શ્રેણી પ્રદાન કરીને તેઓ આ સાધ્ય કરે છે.

તેમાં કેટલીક નિર્ધારિત ઔપચારિક પ્રવૃત્તિઓ હશે, જેવી કે સંગીત, કથા અને ચર્ચા. દિવસના મોટા ભાગના સમયમાં બાળકો પોતે જ નિર્ણય લેશે કે તેઓ ક્યાં રમશે, કોની સાથે રમશે અને કોઈ પણ વિશિષ્ટ પ્રવૃત્તિ તે કેટલા સમય સુધી કરશે. જ્યારે બાળકોને જરૂર પડશે, ત્યારે શિક્ષકો તેમને મદદ અને માર્ગદર્શન પૂરું પાડશે.

બાળકોના મનમાં ભણતર પ્રત્યેનું પ્રેમ વિકસિત કરવા માટે, કુતૂહલ વૃત્તિ કેળવવા માટે, પોતાના વિશ્વમાં અમે તેમને મળતા લોકોમાં રુચિ લેવા માટે શિક્ષકો વિવિધ પ્રકારની ભણતરની રણનીતિઓનો ઉપયોગ કરશે. તેઓ નાટકનું માર્ગદર્શન કરશે, તેની આગેવાની કરશે અથવા બાળકોને તેમણે જ બનાવેલ નાટકમાં કામ કરતાં જોશે.

## નાટક ભજવતી વખતે બાળકો શું શીખે છે?

નાટક બાળકોને બોલવાની અને પ્રશ્નો પૂછવાની, શબ્દભંડોળ અને ભાષા, સાક્ષરતા, સંખ્યા અને સામાજિક કૌશલ્યો વિકસિત કરવાની અને તેની પ્રેક્ટિસ કરવાની તક આપે છે. નાટકના માધ્યમથી બાળકો વાતચીતની અને એક બીજા સાથે જોડાવાની કળા શીખે છે.

જે જોયું હોય, તેનું અનુકરણ કરવામાં બાળકો પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ પણ કરે છે. દા. ત.:

- રસોઈ બનાવવાનું નાટક કરવું
- શિશુની સારસંભાળ કરવી
- ફાયર ફાઇટર, ડૉક્ટર કે દુકાનદાર બનવાનું નાટક કરવું.

આ પ્રવૃત્તિઓ બાળકોને તેમના વિશ્વ અને સમુદાયની સમજણ કેળવતા શીખવે છે.

*"વિવિધ વ્યક્તિઓ અને દ્રષ્ટિકોણ સમજવા માટે તેમજ વૈશ્વિક સમુદાયો સાથે પોતાનું જોડાણ સમજવા માટે નાટક મહત્ત્વપૂર્ણ છે. વ્યક્તિ-વ્યક્તિ તેમજ સમૂહો વચ્ચેની સમાનતાઓ અને ભેદ સમજવા અને તેનો આદર કરવા તેમ જ વિવિધ દ્રષ્ટિકોણોનો પણ આદર કરવા માટે બાળકોની મદદ કરવી જોઈએ."*

- VEYLDF, 2016, પૃષ્ઠ 18

જ્યારે તમારું બાળક રમતું હોય, ત્યારે બધાને માન્ય થાય તેવા નિયમો તેઓ પોતે જ ઘડે છે. દા. ત. હીંચકા પર કોનો નંબર લાગે તે માટે બાળકો કોઈ નિયમ બનાવી શકે છે. બધાને સુરક્ષિત રાખે, સાધનોની કાળજી લે અને સમતા અને ન્યાય સંગત હોય તેવા નિયમો ઘડવા માટે બાળકોને પ્રોત્સાહન આપવાથી તેમની વિચાર શક્તિ અને સમસ્યા હલ કરવાની કુશળતામાં મદદ થશે અને તેમના સંખ્યા તથા સાક્ષરતા કૌશલ્યની સાથે સાથે તેમના વાતચીતના તેમ જ સામાજિક કૌશલ્યનો વિકાસ થવામાં મદદ થશે.

પોતાની રમતમાં બાળકો પોતાના વર્તમાન જ્ઞાન અને કલ્પનાનો ઉપયોગ નવી અને રોચક રીતે કરી શકે છે.

બાળકો કેટલીક પ્રવૃત્તિઓ વારંવાર કરે છે, જોખીમો લે છે અને કૌશલ્યો શીખે છે તથા તેની પ્રેક્ટિસ કરે છે, જેવી કે:

- પોતાની રીતે ઊંચી જગ્યાએ ચઢીને જવું
- જિગ-સૉ પઝલ ઉકેલવું
- પોતાના કપડાં કે આર્ટ સ્મોક પહેરવો
- કોઈ સાંકડી બીમ પર સંતુલન જાળવવું
- જાતે કાતરનો ઉપયોગ કરવો
- કુદકા મારવા
- જાતે જ હિંચકો લેવો.

આ નાની-મોટી સિદ્ધિઓ બાળકોને, તેમના પરિવારોને અને ભણતરમાં તેમની મદદ કરી રહેલ શિક્ષકોને આનંદ આપતી હોય છે.

રમતો બાળકોને સેલિબ્રેટ કરવાની, સાધ્ય કરવાની, સફળતા મેળવવાની, ભૂલો કરવાની, પ્રેક્ટિસ કરવાની, નવી માહિતી કે કૌશલ્યને અજમાવવાની, મત બનાવવાની અને નવા કૌશલ્યો અને જ્ઞાન પર પ્રભુત્વ મેળવવાની તકો આપે છે.

તમારું બાળક કેવી રીતે શીખે છે, તે જ રમત છે.

---

સંદર્ભ
શિક્ષણ અને તાલીમ વિભાગ, 2016. *વિક્ટોરિયન અર્લી યર્સ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ ફ્રેમવર્ક*

*fka* બાળકોની સેવાઓ
18 Harper Street, Abbotsford VIC 3067
03 9428 4471 | fkacs@fka.org.au
www.fka.org.au | Facebook @FKACS